*This Question Paper contains 8 printed pages.*

Seat No.: [ ][ ][ ][ ][ ][ ][ ]

Sl. No. :
100701

# 203(G)

**(May, 2021)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 50 પ્રશ્નો છે.
2) બધા જ વિભાગો ફરજિયાત છે.
3) પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.
4) જમણી બાજુના આંકડા ગુણ દર્શાવે છે.

---

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 15 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[15]**

1) ટેન્ડર પત્રક તૈયાર કરવામાં ઉપયોગી બનતી પડતર હિસાબી પધ્ધતિ કઈ ?
   (A) કરાર પડતર (B) જોબ પડતર
   (C) એકમ પડતર

2) ભારતીય રેલ્વેને પડતરની કઈ પધ્ધતિ અનુકૂળ છે ?
   (A) એકમ પડતર (B) સેવા પડતર
   (C) પ્રક્રિયા પડતર

3) ખાદ્ય ચીજવસ્તુઓ અને સાબુ બનાવવાના ઉદ્યોગમાં પડતરની કઈ પધ્ધતિ અનુકૂળ છે ?
   (A) પ્રક્રિયા પડતર (B) સેવા પડતર
   (C) કરાર પડતર

4) પડતર હિસાબી પધ્ધતિનો મુખ્ય હેતુ .....

(A) ગ્રાહકોને સમયસર માલ આપવો

(B) બજાર સંશોધનની પ્રક્રિયા સરળ બનાવવી

(C) કાર્ય અંગેની નીતિનું ઘડતર કરવું

5) ખરીદ વિભાગના વડાને શું કહે છે ?

(A) વેચાણ અધિકારી (B) ખરીદ અધિકારી

(C) ઉત્પાદન અધિકારી

6) કઈ પધ્ધતિમાં વધેલો માલ છેલ્લે રહે છે ?

(A) ફિફો પધ્ધતિ (B) લિફો પધ્ધતિ

(C) ભારિત સરેરાશ પધ્ધતિ

7) નીચેનામાંથી કોઈ એક પ્રત્યક્ષ માલ-સામાનનું ઉદાહરણ નથી.

(A) કાપડની બનાવટમાં વપરાતું રૂ

(B) ફર્નિચરની બનાવટમાં વપરાતું લાકડું

(C) ઓફિસ ફર્નિચરની બનાવટમાં વપરાતી ખીલીયો

8) નીચેનામાંથી કઈ વેતનપ્રથા ઉત્તેજન વેતનપ્રથા ગણાય ?

(A) સમય વેતન (B) રોવન યોજના

(C) કાર્ય વેતન

9) પાઘડી, પેટન્ટ, ટ્રેડમાર્ક કઈ મિલકત છે ?

(A) અદશ્ય મિલકત (B) કાયમી મિલકત

(C) ચાલુ મિલકત

10) શિરોપરી ખર્ચની ફાળવણીમાં દીવાબત્તીની ફાળવણી કયા આધારે થાય છે ?

(A) રોકેલ જથા (B) કામદાર સંખ્યા

(C) લાઇટના પોઇન્ટ

11) નીચેનામાંથી કોઈ એક અર્ધચલિત ખર્ચનું ઉદાહરણ છે.

(A) યંત્રનો ઘસારો (B) ટેલીફોન બિલ ખર્ચ

(C) સેલ્સમેનનું કમિશન

12) પરોક્ષ ખર્ચની ફાળવણીમાં બોનસ ખર્ચ કયા આધારે ફળવાય છે ?

(A) પગાર ખર્ચ (B) રોકેલ જગ્યા

(C) પ્રત્યક્ષ મજૂરી

13) ઉત્પાદનની નિર્ધારિત સપાટીએ ઉત્પાદનમાં એક એકમનો વધારો કરતાં કુલ પડતરમાં જે વધારો થાય તેને શું કહે છે ?

(A) પ્રમાણ પડતર (B) સમાન પડતર

(C) સીમાંત પડતર

14) પડતરના હિસાબોમાં ન સમાવાતી વિગત -

(A) ભાડું-વેરા (B) મળેલ ડિવિડન્ડ

(C) ઘાલખાધ

15) નાણાંકીય હિસાબોમાં સમાવાતી વિગત કઈ છે ?

(A) ઘાલખાધ અનામત (B) માલિકનું મકાનનું ભાડું

(C) માલિકની મૂડી પર વ્યાજ

## વિભાગ - B

■ **નીચે આપેલા 16 થી 30 પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[15]**

16) પડતરનું એકમ એટલે શું ?

17) પ્રક્રિયા પડતરના બે ઉદાહરણ આપો.

18) પડતરના મૂળતત્વો જણાવો.

19) લીફો પધ્ધતિનો અર્થ જણાવો.

20) વેચાણ વિભાગના અધિકારીને શું કહે છે ?

21) માલસામાનના મુખ્ય બે પ્રકારો જણાવો.

22) પ્રાથમિક પડતર એટલે શું ?

23) સમય નોંધવાની જૂની (પ્રાચીન) પધ્ધતિઓ જણાવો.

24) ઓવર ટાઈમ એટલે શું ?

25) વેતન ચૂકવવાની રીતો જણાવો.

26) કર્મચારી રાજ્ય વીમા યોજનામાં ફાળો કયા આધારે ફાળવવામાં આવે છે ?

27) ચલિત ખર્ચ એટલે શું ?

28) શિરોપરી ખર્ચની ફાળવણીમાં જાહેરાત અને જાવકમાલ ગાડા ભાડું કયા આધારે ફાળવણી કરવામાં આવે છે ?

29) પરોક્ષ ખર્ચની ઓછી વસૂલાત એટલે શું ?

30) શિરોપરી ખર્ચના પ્રકાર જણાવો.

## વિભાગ - C

■ **નીચે આપેલા 31 થી 39 સુધીના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. નવમાંથી ગમે તે સાત લખો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** [14]

31) પડતર હિસાબી પધ્ધતિના પ્રકારો જણાવો.

32) એકમ પડતર કયા ઉદ્યોગોમાં ઉપયોગી છે ?

33) સ્ટોકનું મૂલ્યાંકન કરવાની પધ્ધતિઓ જણાવો.

34) લક્ષણના આધારે માલ-સામાનના પ્રકારો જણાવો.

35) હેલ્સી યોજનાના બે લાભ જણાવો.

36) પ્રત્યક્ષ મજૂરી એટલે શું ? બે ઉદાહરણ આપો.

37) અર્ધચલિત ખર્ચ એટલે શું ? બે ઉદાહરણ આપો.

38) કારખાના પરોક્ષ ખર્ચના ચાર ઉદાહરણ આપો.

39) નાણાંકીય હિસાબોમાં નોંધાતાં પરંતુ પડતરના હિસાબોમાં નહિ નોંધાતી ચાર વિગતો જણાવો.

■ **નીચેના 40 થી 42 ટૂંકનોંધ પ્રકારના પ્રશ્નો છે. નીચેનામાંથી ગમે તે બે લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** [6]

40) ફીફો પધ્ધતિ અને લીફો પધ્ધતિનો તફાવત ત્રણ મુદ્દામાં લખો.

41) પરોક્ષ ખર્ચની ફાળવણીના આધારો લખો.

42) મજૂર ફેરબદલીના છ કારણો જણાવો.

## વિભાગ - D

■ **નીચેના 43 થી 48 નિબંધ પ્રકારના પ્રશ્નો છે. છ માંથી ગમે તે પાંચ લખો. દરેક પ્રશ્નના 8 ગુણ છે.** [40]

43) પ્રવિણ પ્રોડક્ટ્સમાં 'અ' પ્રકારનો માલ સામાન નીચે મુજબ છે -

(1) સરેરાશ વપરાશ - 50 એકમો

(2) ઓછામાં ઓછો વપરાશ - 25 એકમો

(3) વધુમાં વધુ વપરાશ - 80 એકમો

(4) વરદી જથ્થો - 250 નંગ

(5) વરદી સમય - 4 થી 6 અઠવાડિયાં

ઉપરની માહિતીના આધારે વરદી સપાટી, લઘુત્તમ સપાટી, ગુરૂત્તમ સપાટી અને સલામતી સપાટી શોધો.

44) એક કારીગર એક કાર્ય પૂર્ણ કરવા સમય વેતન પ્રમાણે 18 કલાક લે છે અને કાર્ય વેતન પ્રમાણે 12 કલાક લે છે. વેતનનો દર કલાકદીઠ ₹ 1 છે.
એક વસ્તુની માલ-સામાનની પડતર ₹ 12 છે. કારખાનાનો શિરોપરી ખર્ચ પ્રત્યક્ષ મજૂરીના 100% લેખે ગણવાના છે.
આ વસ્તુની કારખાના પડતર કાર્યવેતન, હેલ્સી યોજના અને રોવન યોજના પ્રમણે શોધી કાઢો.

45) જગદીશ લિ. ની નીચેની માહિતી પરથી

(1) આર્થિક વરદી જથ્થો શોધો.

(2) ઓર્ડર સંખ્યા શોધો.

→ વાર્ષિક વપરાશ - 3000 એકમો

→ ઓર્ડર મુકવાનો ખર્ચ - ₹ 30

→ વાર્ષિક સંગ્રહ ખર્ચ - 10%

→ વસ્તુની એકમદીઠ કિંમત - ₹ 5

46) નીચે આપેલી વિગતો પરથી ભારિત સરેરાશ પધ્ધતિએ સ્ટોક પત્રક તૈયાર કરો.

| તારીખ | આવક એકમો | ભાવ ₹ | જાવક એકમો |
|---|---|---|---|
| 1-3-15 | 200 | 2 | — |
| 8-3-15 | 300 | 2.40 | — |
| 15-3-15 | — | — | 250 |
| 18-3-15 | 250 | 2.60 | — |
| 23-3-15 | — | — | 200 |
| 28-3-15 | — | — | 100 |

47) માર્શલ કંપનીમાં A, B, C અને D માં ઉત્પાદન થાય છે. નીચેની માહિતી પરથી પરોક્ષખર્ચની ફાળવણી દર્શાવતું પત્રક તૈયાર કરો -

| | વિગત | — | ₹ |
|---|---|---|---|
| (1) | વીજળી | — | 500 |
| (2) | યંત્રનો ઘસારો | — | 1,000 |
| (3) | કામદાર કલ્યાણ ખર્ચ | — | 300 |
| (4) | પાવર | — | 2,000 |
| (5) | ભાડું અને વેરા | — | 2,500 |
| (6) | પરોક્ષ મજૂરી | — | 5,000 |

વધારાની માહિતી :

| વિગત | A | B | C | D |
|---|---|---|---|---|
| રોકેલ જથ્થા (ચો.ફુટ) | 100 | 50 | 50 | 50 |
| કામદાર સંખ્યા | 15 | 10 | 15 | 10 |
| લાઇટના પોઇન્ટ | 3 | 3 | 2 | 2 |
| હોર્સ પાવર | 3 | 4 | 1 | 2 |
| યંત્રની કિંમત | 20,000 | 40,000 | 10,000 | 30,000 |
| પ્રત્યક્ષ મજૂરી | 30,000 | 40,000 | 20,000 | 10,000 |

48) શિવશક્તિ કંપનીની નીચેની વિગતો પરથી ફીફો (FIFO) પધ્ધતિએ સ્ટોકપત્રક તૈયાર કરો -

| તારીખ | વિગત | એકમો | ભાવ ₹ |
|---|---|---|---|
| 1-8-94 | ખરીદી | 300 | 10 |
| 8-8-94 | ખરીદી | 400 | 12 |
| 12-8-94 | વેચાણ | 200 | — |
| 18-8-94 | ખરીદી | 100 | 14 |
| 20-8-94 | વેચાણ | 200 | — |
| 22-8-94 | ખરીદી | 200 | 15 |
| 28-8-94 | વેચાણ | 300 | — |

## વિભાગ - E

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 49 અને 50 નિબંધલક્ષી પ્રશ્નો છે. બે માંથી ગમે તે એક લખો. દરેકના 10 ગુણ છે.** **[10]**

49) રાધેશ્યામ લિ.ની નીચેની માહિતી પરથી જોળવણી પત્રક તૈયાર કરો -

| | | |
|---|---|---|
| (1) | પડતરના હિસાબો મુજબ નફો | ₹ 50,000 |
| (2) | મળેલ વ્યાજ અને ડિવિડન્ડ | ₹ 6,000 |
| (3) | આવક વેરાની જોગવાઈ | ₹ 4,000 |
| (4) | નાણાંકીય હિસાબોમાં આખર સ્ટોકનું વધુ મૂલ્યાંકન | ₹ 10,000 |
| (5) | કારખાનાના પરોક્ષખર્ચની ઓછી વસૂલાત | ₹ 15,000 |
| (6) | પોતાની માલિકીના મકાનનું ભાડું | ₹ 8,000 |
| (7) | મિલકત અપ્રચલિત બનવાથી ઉધારેલ ખોટ | ₹ 4,000 |
| (8) | વહીવટી પરોક્ષખર્ચની વધુ વસૂલાત | ₹ 12,000 |
| (9) | પડતરના હિસાબોમાં ઓછો ઉધારેલ ઘસારો | ₹ 3,000 |

50) સેમસંગ મિલ્સની માલ સામગ્રી એપ્રિલ 1991ની આવક-જાવકની માહિતી પરથી લીફો (LIFO) પધ્ધતિએ સ્ટોકપત્રક તૈયાર કરો -

| આવક | | | જાવક | |
|---|---|---|---|---|
| તારીખ | એકમો | ભાવ ₹ | તારીખ | એકમો |
| 1-4-93 | 2,000 | 10 | 8-4-93 | 3,000 |
| 5-4-93 | 5,000 | 12 | 9-4-93 | 2,000 |
| 10-4-93 | 8,000 | 11 | 17-4-93 | 4,000 |
| 22-4-93 | 4,000 | 12 | 25-4-93 | 5,000 |

◆◆◆